સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

સરકારી 'સંદેશ' થોપે છે રોજ 'આકાશવાણી'
પ્રચારનું સાધન બની ગયું છે આકાશવાણી,
કળા-સંગીત-મનોરંજનથી વિલાઈ ગયું છે -
જાણે પત્ની પર રોફનું કેન્દ્ર છે આકાશવાણી.

હાઈકુ

થઈ ગયું છે
સરકારી સાધન
ચાવી દીધેલું
(રેડિયો - દુરુપયોગ)

સાંભળે નહીં
કોઈ જ શ્રોતાઓનાં
મનની વાત

ચિંતન

પશ્યતિ પરસ્ય યુવતિં સકામપિ તન્મનોરથં કુરૂતે ।
જ્ઞાત્વૈવ તદ્પ્રાપ્ત વ્યથૈ બનુજો હિ પાપ ભાગભવતિ ॥

ઉપરોક્ત નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

કામી મનુષ્ય અન્યની સ્ત્રી-યુવતીની સામે કામેચ્છા ભરી નજરે અને દુષ ભાવનાઓ વડે જુએ છે કે પછી તેને પામવાનાં મનમાં ખોટા મનોરથ પણ કરે છે, દુષિત વિચાર અને કલ્પનાઓ પણ કરે છે અને જયારે એ 'સ્ત્રી' નહીં જ મળે એવી એને જાણ થાય ત્યારે એ દુઃખી થાય છે : આમ કાર્ય સધાયા વિના જ માણસ વ્યર્થ પાપનો ભાગીદાર બંને છે.

સદ્વિચાર, સદ્વાચન, સત્સંગનો અર્થ જ એ છે કે આપણા માનસિક વિચાર અને કલ્પનાઓમાં 'સદ્-ભાવ' સચવાઈ રહે, પવિત્ર વાતાવરણ - પવિત્ર વિચાર સ્ફૂરે છે.

સારા વિચારની આચરણ પણ અસર પડે છે. શુદ્ધ અને પવિત્ર આચરણથી ચારિત્ર્યનું ઘડતર થાય છે. જો વિચારનો પાયો જ નબળો હોય તો ચારિત્ર્ય નબળું ગણાય અને માનવનતાનું પતન થાય છે. આજે બળાત્કારની જંગાલિયત અને માનવ હિંસક પ્રાણીઓના સંખ્યા વધી છે એનું કારણ દુષિત વિચાર છે જે ટીવી મોબાઈલના દ્વારા મનને ડહોળી નાખે છે. માનસિક પાપ આચરણમાં ઉતરે છે.

સુવિચાર

- દોસ્ત બેશક એક હો લેકિન એસા હો જો...
  અલ્ફાઝ સે જ્યાદા ખામોશી કો સમજે... - **અબ્દુલ કુરૈશી**
- વાણી, વિચાર તથા વિવેક આ ત્રણ સીધા સાદા શબ્દો જ માનવીના સંસ્કાર, સ્વભાવ તથા ખાનદાનીના દર્શન કરાવે છે - **શ્રેણીક દલાલ**
- આજે માનથી નવાજનાર અપમાન નહીં કરે તેની કોઈ ખાત્રી નથી - **રાજયશસૂરિશ્વરજી**
- અગત્યના પાંચ શબ્દો : જીવવું, શીખવું, ચાહવું, વિચારવું અને મદદ કરવી - **જીવન પાથેય**
- હોજરી ભલે ને ગમે તેટલી મજબૂત છે, પણ ઝેર તો ન જ ખવાય એમ મન ભલે ને ગમે તેટલું મજબૂત છે, તો પણ કુસંગનું સેવન ન જ કરાય - **અમૃત બિંદુ**
- ઘાસ જલ્દી ઉગવા છતાં અને પુષ્પ ધીરે ધીમે ખીલવા છતાં ઘાસની કિંમત વધી હોય અને પુષ્પની કિંમત ઘટી હોય એવું આજ સુધી કયારેય બન્યું નથી - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : સૂંઠ ત્રણ ભાવ, અજમો પાંચ ભાગ છૂંટી તે પેસ્ટ કળતરની જગ્યાએ માલીશ કરવાથી રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક શેઠે એક અલ્લાહના બંદાને પોતાના આંબાવાડિયાની દેખરેખ માટે રાખ્યો. એ ખૂબ ગરીબ હતો. આખો દિવસ એ કામ કરતો એક સાથે સાથે અલ્લાહની બંદગી એ જ એના જીવન ધર્મ રહેતો. એક દિવસ શેઠે એને મીઠી રસભરી કેરી તોડી લાવવા કહ્યું. યુવક થોડી કેરી લઈ આવ્યો. પરંતુ એ કેરી ખાટી નીકળી. શેઠ અકળાયો. એણે કહ્યું, 'ભાઈ, તું અહીં બાર વર્ષથી કામ કરે છે, પરંતુ હજી તને એ ખબર નથી કે કઈ કેરી ખાટી છે અને કેરી મીઠી છે.' યુવાને કહ્યું 'આપ મને આ વાડીની રખેવાળી સોંપી છે. ફળ ખાઈને ખાટાં છે કે મીઠાંની મને ખબર નથી, કારણ કે હજી મેં કદી એક પણ ફળ ચાખ્યું નથી.' શેઠ આવા અલ્લાહના બંદાથી ખુશ થયો. એમણે કહ્યું, 'ભાઈ, તું કોઈ સામાન્ય માનવી નથી, આવા તારા જેવા સત્યવાદી થકી આ પૃથ્વી ટકી રહી છે. આજથી તારે આ કામ કરવાનું નથી. ઝૂંપડીમાં રહીને અલ્લાહની બંદકી કર, તારા જેવા મહાપુરુષ ને કંઈ આવી રખવાળી કરવાની ન હોય. તું સાચો અલ્લાહનો બંદો છે, તારા ભરણપોષણની જવાબદારી હું લઉં છું.' યુવક તો મુંઝાઈ ગયો એને થયું કે હવે લોકો તેને અસાધારણ માનવી માનશે અને એની પાસે આવવા લાગશે. એને મહાત્મા માનીને ભક્તિભાવથી કોઈ રૂબરૂ દર્શન કરવા આવશે. આવું થાશે તો એની બંદગીમાં ખલેલ પડશે અને એનું એકાંત સમાપ્ત થઈ જશે. પોતાની સાધના અને એકાંતને જાળવવા માટે બીજ જ દિવસે એણે માલિકની રજા લઈલીધી અને જંગલમાં નીકળી ગયો. એ યુવક સમય જતાં સંત ઈબ્રાહિમના નામે જાણીતો બન્યો.

વૈશ્વિક મંચ પર મોદીની મુદ્દાસર રજૂઆત

તંત્રીસ્થાનેથી...

યુનાઈટેડ નેશન્સના મંચ પર સદેહે ઉપસ્થિત થયા વિના પાક વડાપ્રધાન ઈમરાનખાને કાશ્મીર મુદ્દે ભારત વિરુદ્ધ કાતિલ ઝેલ ઓક્યું હતું. જો કે જવાબ આપવાનો અધિકાર ઝડપી લઈ યુનોમાં ભારતમાં પ્રથમ સચિવ તરીકે ફરજ બજાવી રહેલાં મહિલા અધિકારીએ પાકિસ્તાનની આતંકવાદી છબી ઉજાગર કરીને જડબાતોડ જવાબ આપી જ દીધો હતો પરંતુ વડાપ્રધાન પોતે જયારે એ મંચ પરથી બોલવાા હતા ત્યારે એ શાબ્દિક સર્જિકલ સ્ટ્રાઈક કરશે એવી અપેક્ષા હતી. પોતે વૈશ્વિક નેતાની ગરિમા સાથે એમણે નિર્ધારિત સમય મર્યાદામાં મુદ્દાસર વાત કરી. કોઈ પણ દેશનું નામ લીધા વગર એમણે જે કહેવાજોગ હતું તે કહી દીધું. આતંકવાદનો વ્યૂહાત્મક ઉપયોગ કરનાર દેશને પોતાને પણ એ આતંકવાદ ભારે પડવાનો છે એવું કહી એમણે નામ લીધા વગર પાકિસ્તાનને લપડાક લગાવી દીધી. એ જ રીતે સમુદ્રો સહિયારી સંપદા ગણાવા જોઈએ એમ કહી એમને ચીનની કાનપટ્ટી આમળી લીધી. વૈશ્વિક વ્યાપાર માટેનો સમુદ્રી માર્ગોનો દુરુપયોગ ન થવો જોઈએ એ મુદ્દો પણ ઉઠાવ્યો. સવિશેષ એમણે અફઘાનિસ્તાનમાં પ્રવર્તી રહેતી વિકટ પરિસ્થિતિનો ઉલ્લેખ કર્યો. માનવાધિકારો, સ્ત્રીઓના સન્માન અને લઘુમતીઓના રક્ષણની ચિંતા વ્યક્ત કરી. એમણે એક ઊભરહતી મહાસત્તાના રાષ્ટ્રનાયકને છાજે એવી વિવેકપૂર્ણ ભાષા વાપરી. ચાણક્યને ટાંકીને દેશની પ્રાચીન ફિલસૂફીથી વિશ્વને વાકેફ કરાવ્યું. રસી ઉત્પાદન માટે દુનિયાને પોતાના દેશમાં નોતરું પાઠવ્યું. છેલ્લે યુનોના ઊજળા ભવિષ્ય માટેની ચાવી પણ બતાવતા આવ્યા. કાળનો મહિમા સમજાવી વર્તમાન મહાસત્તાઓને પણ ચંટી ખણી દીધી. દુનિયા આખી ભારત અને ચીન કે ભારત અને પાકિસ્તાન વચ્ચેનો ફરક પામી ગઈ છે. અત્યાર સુધી ભારતને સુરક્ષા સમિતિનું સ્થાયી સભ્ય નહીં બનાવ્યા બદલ પણ શક્તિશાળી રાષ્ટ્રોને પસ્તાવો થયો હશે. આજે નહીં તો કાલે, ભારત જ એશિયાનું ભવિષ્ય નિર્ધારિત કરી શકે એમ છે એની પ્રતીતિ તો એ બધાને થઈ જ ગઈ છે. કપટી ચીનનો વિસ્તારવાદ અને 'નંબર વન' બનવા માટેનાં એનાં હવાતિયાં ખુલ્લાં પડી ગયાં છે. શીતયુદ્ધમાં પરિણમી શકે છે. પાકિસ્તાન વારંવાર એની પાસે અણુશસ્ત્રો હોવાની બીક બતાવતું રહે છે. જો કે એના લશ્કરી ખેરખાં પણ એટલું તો સમજે છે કે એવું અણુ અટકચાણું એને દુનિયાનાં નકશામાંથી નેસ્તનાબૂદ કરી શકે એમ છે. ચીનને એનો ઉપયોગ કરી લેવામાં જ રસ છે. એ પણ પોતાની મર્યાદાઓથી વાકેફ છે. ભારત-અમેરિકાની સંયુક્ત તાકાત સામે એની તાકાતનો અંદાજ એ પહેલાંથી કાઢી ચૂક્યું છે. રશિયાને મહાસત્તા તરીકે ખતમ કરી દેનાર અમેરિકાનું વેર જરૂર લેવું હોય પણ જૂના મિત્ર ભારતના ભોગે નહીં જ. વળી ઈસ્લામિક આતંક સામે તો એ પણ અમેરિકા અને ભારતની જેમ જ ચિંતિત છે.

પોલીસ ગેરકાયદેસર રીતે ટોર્ચર કરી ગુન્હાની કબુલાત કરાવી શકે નહિ

કોઈ પણ વ્યકિતની મરજી સીવાય નાર્કો કે પોલીગ્રાફ ટેસ્ટ થઈ શકે નહિ : સુપ્રિમ કોર્ટ

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ભારતની સુપ્રિમ કોર્ટે વ્યકિત સ્વતંત્રતા અંગે ચુકાદો આપતા જણાવ્યું છે કે, કોઈ પણ વ્યકિતની સંપૂર્ણ મરજી સીવાય પોલીસ દ્વારા નાર્કો ટેસ્ટ કે પોલીગ્રાફ ટેસ્ટ કરી શકાય નહિ. ધરપકડ સમયે પોલીસ દ્વારા લોકઅપમાં આરોપી સાથે ગેર માનવીય, ગેર કાયદેસર રીતે ટોર્ચરીંગ કરી થર્ડ ડિગ્રી દ્વારા યેનકેન પ્રકારે ગુન્હો કબુલાવા માટે દુષ્કૃત્ય આચારવામાં આવે છે. જેના કોઈ સાક્ષી હોતા નથી તેમજ આરોપી પણ પોલીસના ડરે કોર્ટમાં થર્ડ ડિગ્રીના જુલમ અંગે નામદાર કોર્ટને ફરીયાદ શુધ્ધા કરતા નથી. જો આરોપી નશાનો આદી હોય તો બાતમી કઢાવવા, ગુન્હો કબુલાવા માટે પોલીસ નશાનો સહારો લઈ નશાનો ડોઝ આરોપીને આપી કબુલાત કરાવે છે. સામાન્ય નશાથી ધાર્યું ના થાય તો પોલીસ દ્વારા જ ગેરકાયદેસર અન્યાઈ રીતે અમાવીય રીતે નશાનો ઓવરડોઝ આપી સમગ્ર ગુન્હો કબુલાવે છે. સમયાંતરે મીડીયામાં થર્ડ ડિગ્રી ટોર્ચર અંગેની ઘટનાઓ પ્રકાશીત થતી રહે છે, પરંતુ પોલીસ દ્વારા નવા નવા અમાનવીય ઉપાયો દ્વારા ગુન્હા કબુલાવાની ઘટનાઓ બનતી જ રહે છે.

માનવ અધિકાર ઉપર ૧૯૫૫ માં થયેલ સંધી મુજબ આવા અમાનવીય બનાવો રોકવા માટે ભારતમાં કોઈ નક્કર કાયદાનું પાલન થતું નથી. આપણા સંવિધાનમાં તો માનવ અધિકાર મતલબનો શબ્દ પ્રયોગ જ નથી, પરંતુ ૬ કરોડ કરતા ઓછી માનવ વસ્તીવાળા ફિલીપાઈન્સે માનવ અધિકાર અને ટોર્ચરીંગ અંગે નક્કર કાયદો બનાવેલ છે અને ભારત સરકારને આ કાનૂનને અનુસરવા માટે મુસદ્દો પણ મોકલી આપેલ છે, પરંતુ કહેવાતા ગુન્હેગારને મારપીટ કરવો એ પોલીસ પોતાનો અધિકાર સમજે છે. ગુમાંગોમાં મરચું, પેટ્રોલ, કેરોસીન કે ડંડાનો ઉપયોગ કરી ટોર્ચરીંગ કરવામાં આવે છે. સંવેદનશીલ અંગોને વિજળીના ઝટકા આપીને પણ ટોર્ચરીંગ કેટલીક વાર કરવાની ઘટના બહાર આવેલ છે. થોડા દિવસ મીડીયામાં જનાક્રોસ જોવા મળે ત્યાબાદ કોઈ જ નક્કર પરિણામ મળતું નથી. કેટલીકવાર પોતાનું મૂત્ર જ આરોપીને પીવડાવી ટોર્ચર કરવામાં આવે છે. કેટલીક વાર એક જ પરિવારના સભ્યોને અર્ધનિર્વસ્ત્ર કરી એક સાથે હવાલાતમાં રાખીને ટોર્ચર કરી શરમજનક ઘૃણાસ્પદ વર્તન કરવામાં આવે છે.

કેટલીક વાર કહેવાતા ગુન્હેગારે જો સામાન્ય ટોર્ચરથી ગુન્હાની કબુલાત ના કરે અને ફરિયાદીએ પોલીસ સાથે મળી ઉદ્દેશ સિદ્ધ કરી દીધો હોય તો પછી તો યેનકેન પ્રકારે નવા નવા નુશ્કા અપનાવી પોલીસ દ્વારા કહેવાતા આરોપીને યાતના આપી વિકૃત આનંદ માણતા હોય છે. અપશબ્દો, અશ્લીલ ભાષાનો પ્રયોગ એ સામાન્ય વાત હોય છે. નખ, દાંત, વાળ ખેંચવા એ સામાન્ય ઘટના ગણવામાં આવે છે. ગુમાંગમાં બીડી, સીગારેટના ડામ પણ સામાન્ય ઘટના જ ગણવામાં આવે છે. કેટલીકવાર પોલીસ કસ્ટડીમાં ટોર્ચર યાતના સહન કરનાર પાછળથી નપૂસંક બની જવાના પણ દાખલા ઓછા નથી.

આવી ઘટનાના બનાવોની તપાસ માનવ અધિકાર દ્વારા કરાવવામાં આવે તો પણ તપાસકર્તા પોલીસ અધિકારી જ હોય છે. જેમાં રીપોર્ટમાં કોઈ ગુન્હેગારને સજા ના થાય તેનું ચોક્કસપણે ધ્યાન રાખવામાં આવે છે. પોલીસ પુરાવાનો તડજોડ કરવામાં માહિર હોય છે, જેથી અપરાધીક પોલીસને સજા અપાવવામાં ભોગ બનનાર કોર્ટ કચેરીના ધક્કા ખાઈ નાણા અને સમયનો વ્યવ માત્ર કરી હારી, થાકી, કંટાળી આવી ફરીયાદ પરત લેવા મજબુર બને છે.

કોઈ અપરાધી યાતના સહન ના થતા જ પોલીસ લોકઅપમાંથી ભાગી જાય તો ખોટી રીતે જેલ તોડી ભાગી જવાના કેસમાં જ ફીટ કરી દેવામાં આવે છે તેમજ તેનું એન્કાઉન્ટર કરવામાં આવે છે. તાજેતરમાં ઉત્તરપ્રદેશમાં આશરે ૩૯૦૦ જેટલા એન્કાઉન્ટર પોલીસ દ્વારા કરવામાં આવેલ છે. જેની માનવ અધિકાર પંચ દ્વારા હાલમાં તપાસ ચાલુ છે. ભારતની લોકશાહિના રક્ષક જ જયાં ભક્ષક બને તો આમ આદમીને ન્યાય કોણ અપાવે આવા બનાવો, ઘટનારો અંગ્રેજોના કાળાપાણીની સજા કરતા પણ બદત્તર અને શર્મનાક હોય છે. આમ આદમીની તો ઓકાદ જ કયા હોય જયાં નડિયાદમાં એક મેજીસ્ટ્રેટને પોલીસે જબરજસ્તી દારૂ પીવડાવી ટોર્ચર કરી કસ્ટડીમાં જ ખોટા કેસમાં ફીટ કરેલ અને બજાર વચ્ચે મેજીસ્ટ્રેટનું ગેરકાયદેસરરીતે સરઘસ કાઢેલ અને સમાજમાં બદનામ કરેલ તેમજ ડોકટરો પાસેથી ખોટા આલ્કોહોલીક પ્રમાણપત્રો મેળવી પોલીસ તપાસમાં મેજીસ્ટ્રેટને જ ગુન્હેગાર ગણવાના તમામ પેતરા, કાવા દાવા પાર પાડેલ અને પોલીસ નિર્દોષ હોવાનો ડોળ કરતી જ રહેલ સુપ્રિમ કોર્ટે આવા કેસોની નિષ્પક્ષ તપાસ થાય તે માટે સરકારને કાયદામાં સુધારા કરવા વખતો વખત ભલામણ કરેલ છે. માનવ અધિકાર નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરતા નથી કારણ કે ભારતની તમામ સરકાર પોલીસથી ભય ઉત્પન્ન કરતા કર્કશ અવાજમાં આમ આદમીનો અવાજ દબાઈ જાય ત્યાં સુધી સાંભળતી નથી, પોતાની નજરે જોતી નથી અને સચ્ચાઈનો સ્વીકાર કરતી નથી અને બેગુન્હેગારોને યાતનામાંથી મુકિત અપાવવા કોઈ જ નક્કર કાયદામાં સુધારા કરતી નથી સરકાર કોઈપણ બને કાયદા એજ રહે છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

આભાર માટે હાથ માં જોડ્યા જો એકવાર...તો એ વરસતા વહાલથી 'વંદન' બની ગયા

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

આઈસીયુ માં
મારા મોં પર ઑક્સિજન માસ્ક છે.
હોલ્ટર સતત મારા હૃદયની
ગતિવિધિ માપી રહ્યું છે.
બહાર સ્વજનો આપ્તજનો
ચિંતાતુર ચહેરે બેઠાં છે. મારી આંખો બંધ છે.
મારી ક્ષીણ થતી જતી ચેતનામાં
ઊંડે ઊંડે સળવળાટ થાય છે.
હોલ્ટરનો ગ્રાફ ઊંચો – નીચો થાય છે.
ડૉક્ટરના શબ્દો વારંવાર
મારા માનસપટ પર પડઘાય છે.
"careless, very very careless
careless aboU her own-self."
મારી આંખનો ખૂણો ભીંજાય છે. એક આંસુ ઝળુંબે છે.
મારું 'ઘાયલ' હૃદય ચિત્કારી ઊઠે છે.
તે એક વાર, માત્ર એકવાર જ
જો મને કહ્યું હોત
કે હું કીમતી છું, તારા માટે જરૂરી છું
તો હું careless ન રહી હોત.
મારું હૃદય ઘવાયું ન હોત.
મેં મારી જાતને સાચવી હોત.
અનમોલ રતન માફક જાળવી હોત.
મારા ગાલ પર આંસુ અને
હોલ્ટરમાં ગ્રાફ સ્થિર થઈ જાય છે.

આપણી આસપાસ કુદરતના એવા અમૂલ્ય સર્જન પથરાયેલા છે જેના માટે આપમે ઈશ્વરનો જેટલો આભાર માનીએ એટલો ઓછો પડે ! પણ આ ઉપરાંત આપણું જીવન પણ એવા સુંદર - સુંદર સંબંધોના તાંતણે વણાયેલું છે કે તેનો પણ આભાર આપણે માનીએ તેટલો ઓછો ! છતાં એવું કેમ બને છે કે આપણા વર્તન, વ્યવહાર કે વાણીમાં આપણે આપણો આ આભાર પૂર્ણપણે વ્યકત નથી કરી શકતા ? છેક વ્યક્તિ બિમાર પડે કે મૃત્યુ પામે પછી જ એની કદર કરવી એ શું યોગ્ય છે ? કુદરતે આપણને સાવ મફતમાં આપેલા આ સંશાધનો કે ઈશ્વરકૃપાથી મળેલ સંબંધો જયાં સુદી આપણા જીવનમાંથી ગાયબ ન થાય ત્યાં સુધી આપણે તેને અવગણ્યા જ કરીએ છીએ.

આપણા ઘરના તમામ કામકાજ કરીને મકાનને ઘર બનાવી રાખવી મા હોય કે ઘરના વડીલો આપણે તેમનો આભાર માનવામાં અચકાઈએ છીએ અથવા તો મનના એ ભાવને જ છતો થતાં અટકાવ્યા કરીએ છીએ. આખી જિંદગી પરિવારની છત્રછાયા બની રહેલા અને પોતાના ખર્ચમાં પરિવારની જરૂરિયાત પૂરી કરવા માટે કાપ મૂકતા પપ્પાને આપણે સરખી રીતે થેન્ક યૂ કહીને ગળે પણ કેમ નથી લગાડી શકતા ? આપણે સંવેદનહીન છીએ કે નથી એ બીજા નંબરની બાબત છે પણ આપણે અભિવ્યક્તિમાં ચોક્કસ કાચા છીએ. આપણે ત્યાં આ બધા પ્રકારની અભિવ્યક્તિ કોઈ વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે જ દિલ ખોલીને થતી જોવા મળે છે. આવું શા માટે ? આજે એક પ્રશ્ન આપણી જાતને પૂછીએ કે આપણા જીવનમાં એવું કોણ - કોણ છે કે જેનો પૂરતો આભાર માની શકાયો નથી અને અત્યારે જ એ અધૂરી રહેલી અવ્યક્ત સંવેદનાઓને વહેતી કરી દઈએ.

ઈન્ટરનેટ અને સોશ્યિલ મીડિયાને કારણે આજે જયારે વિશ્વ જયારે સાવ નાનું બની ચૂક્યું છે ત્યારે અન્ય દેશોની જેમ આપણા દેશમાં પણ પોતાના માટે જીવવાનું અને જાતને પ્રાધાન્ય આપી મનને ગમતી બાબતો દિલ ખોલીને કરવાનો ટ્રેન્ડ આપણા દેશમાં પણ પ્રવેશી ચૂક્યો છે ત્યારે આપણી આસપાસ જો પોતાના માટે જીવતા વ્યક્તિઓ આપણે જોઈએ તો તેમને સ્વાર્થી ગણીને તેમના પ્રત્યે અણગમો રાખવાનો બદલે તેમના માટે ખુશ થઈ શકીએ એવું મોકળું મન રાખીએ ! એક મમ્મી પોતાની જાત માટે સમય કાઢીને પોતાને આનંદ આવે એવી વસ્તુઓ કરવા લાગે તો તેને વખોડી કાઢવાને બદલે વધાવતાં શીખીએ. એક નવા તંદુરસ્ત, આનંદી અને જીવનથી ભરપૂર સમાજની રચના કરીએ કે જેથી કોઈ વ્યક્તિ જીવનમાં મૃત્યુ પહેલાં પોતાની જાતને મરેલા માનીને જીવનનો ભાર ન જ વેંઝાર્યા કરે !

Last Seen :
શબ્દો શુભેચ્છાના બધા સ્પંદન બની ગયા...
આશીર્વચન સુખદ અને 'ચંદન' બની ગયા...
આભાર માટે મેં હાથ માં જોડ્યા જો એકવાર...
તો એ વરસતા વહાલથી 'વંદન' બની ગયા ...

-મુકુલ ચોકસી
- nehalgadhavi101@gmail.com

ગુજરાતીઓનો પુસ્તક પ્રેમ, ફાફડા-ઊંધિયું-જલેબી કેમ પુસ્તકોને આંટી જાય છે?

નવી સવાર

રમેશ તન્ના

ગુજરાતીઓનો પુસ્તકપ્રેમ કેવો અને કેટલો છે? ગુજરાતી સાહિત્ય વંચાય છે ? કેટલું વંચાય છે ? કોણ વાંચે છે ? વાત કરીએ મુદ્દાસર....

(૧) ગુજરાતીઓ વાંચવામાં મોળા છે.

ગુજરાતી પ્રજા ચોપડીપ્રેમી નહિ, ચોપડાપ્રેમી પ્રજા છે, જે પ્રજા ચોપડાની પૂજા કરતી હોય તે ચોપડીથી આઘી રહેતી હોય તો નવાઈ ના લાગે ! ગુજરાતીઓને પહેલાં બે બુક ગમતી : પાસબુક અને ચેકબુક. નવા માહોલમાં પાસબુક અદૃશ્ય થવા માંડી છે ત્યાં એક નવી બુકે ગુજરાતીઓનાં મન મોહી લીધાં છે : તેનું નામ છે ફેસબુક. ગુજરાતીઓ વેપારી માણસ છે અને તેમનું માનસ (પ્રકૃતિ) વેપારી છે. આંકડા આવવા દો, શબ્દોને રહેવા દો. આ પ્રદેશમાં હવે બૂક શબ્દ બહુ વપરાય છે અને બૂક એટલે કોઈ ફ્લેટ બૂક કરવો, પ્લોટ બૂક કરવો તેવો અર્થ વધારે અભિપ્રેત હોય છે. કોલકત્તામાં યોજાતા નેશનલ બુક ફેરમાં પ્રવેશ મેળવવા એક-એક કિલોમીટરની લાઈનો લાગે, એ દિવસોમાં બેંકો પુસ્તકો ખરીદવા લોન આપે અને આપણે ત્યાં ? મફતમાં સાંસ્કૃતિક કાર્યક્રમો હોય તો રસિકો ઉમટી પડે, હા, તેમાંથી વાચકોને જુદા તારવવા પડે ! એક રોચક માહિતી....નવી દિલ્હીમાં યોજાતા વર્લ્ડ બુક ફેરમાં સમ ખાવા પૂરતો પણ ગુજરાતી પ્રકાશકનો એક પણ સ્ટોલ હોતો નથી. જય જય ગરવી ગુજરાત, ક્યારે દિસશે અરૂણુ પ્રભાત ?

(૨) ગુજરાતી પ્રકાશન ઉદ્યોગનું ટર્નઓવર કેટલું ?

આશરે ૧૫૦ કરોડ. આના કરતાં તો વધુની બાળકો માટેની પીપરમીન્ટ વેચાતી હશે !!! ગુજરાતી ભાષામાં ગણીને ૧૫-૨૦ મોટા અને સક્રિય પ્રકાશકો છે. બે-ત્રણ વર્ષ પહેલાં ગુજરાતી પ્રકાશક મંડળના પ્રમુખ સાથેની મુલાકાતમાં જાણવા મળ્યું હતું કે ગુજરાતી પ્રકાશન ઉદ્યોગનું વાર્ષિક ટર્નઓવર માત્ર ૧૫૦ કરોડ રૂપિયા છે. છ કરોડ ગુજરાતીઓ વર્ષે દહાડે ૫૦ રૂપિયાનાં પુસ્તકો પણ ખરીદતા નથી. અમદાવાદમાં ઉતરાણના દિવસે (એક જ દિવસમાં) ૧૦-૧૫ કરોડનાં ઊંધીયું-જલેબી અને દશેરાને દિવસે ૧૦-૧૫ કરોડનાં ફાફડા-જલેબી ખવાય છે. ગુજરાતીઓ વર્ષે જેટલા કરોડનું શરીરમાં ઓરતા હશે તેનાથી હજારમા ભાગનું પણ મનમાં નાખતા નથી. પણ ઊભા રહો, ખાવાની વાત બરાબર છે. વાંચવાથી શો ફાયદો ?

(૩) પુસ્તકો પહોંચતા નથી ? મોંઘાં છે ?

ગુજરાતમાં પુસ્તકોની વ્યક્તિગત ખરીદી ૧૫-૨૦ ટકા હોવાનું કહેવાય છે. મોટાભાગે પુસ્તકાલયોમાં જ પુસ્તકો વેચવાં પડે છે અને પ્રકાશકોને પુસ્તકાલય સુધી પહોંચવામાં બિસ્માર રસ્તાઓ, શોર્ટકટ, ખાડાં ટેકરાવાળા રસ્તા, પરંપરાગત રસ્તા, ચીર-પરિચિત રસ્તા એમ અનેક રસ્તા પરથી જવું પડે છે ! ગુજરાતીઓના ઘર સુધી પુસ્તક પહોંચાડવાનું કપરું છે, તો કંઈ પુસ્તકાલયો સુધી પહોંચાડવાનું સહેલુ નથી !!! પુસ્તક પ્રકાશનના વ્યવસાયમાં સૌથી અઘરું કામ છે: પુસ્તક વેચવાનું અને તેમાંય ગુજરાતીને પુસ્તક વેચવું એટલે તો ટાલિયાને કાંસકો વેચવા જેવું લગભગ. ગુજરાતમાં પુસ્તકો મોંઘાં છે, એવી ફરિયાદ થાય છે પણ તે તથ્ય વિનાની છે. લાખો ગુજરાતી પરિવારો મોંઘીદાટ મલ્ટીપ્લેક્સની ટિકિટો લઈને કચરા જેવી ફિલ્મો જોયા પછી હજારો રૂપિયાનું ફાસ્ટફૂડ પેટમાં છૂટું ફેંકે છે ત્યારે તેમને મોંઘવારી નથી અડતી અને પુસ્તકોની ખરીદીમાં મોંઘવારી નડે છે ! ફિલ્મોને, ખાવાપીવાને, હરવા-ફરવાને અછોઅછોવાનાં અને પુસ્તકો માટે બહાનાં ? યહ ઈન્સાફ નહિ હૈ મી. લોર્ડ.

હા, એક વાત ખરી છે કે ગુજરાતમાં પુસ્તકવિક્રેતાની કડી હોવી જોઈએ તે કડી નથી. મોટા ભાગે પ્રકાશકો પોતે જ વિક્રેતા (બની જાય) છે. ગુજરાતના ૧૮,૨૩૨ ગામો અને ૨૨૫થી વધુ નગરોમાં પુસ્તકો ખરીદવા હોય તો ક્યાં છે દુકાન ? એસ.ટી. સ્ટેશન પર સામાયિકો ઉપરાંત જે પુસ્તકો મળે તે શાયરીનાં , જ્યોતિષનાં , વ્યક્તિત્વ વિકાસનનાં હોય. (ગુજરાતમાં વિકાસની સમયાંતરે વ્યક્તિત્વ વિકાસ કેટલો થયો એ વળી સાવ જ જુદો વિષય છે.. ક્યારેક વાત તેની !!!) ઉત્તમ ગુજરાતી પુસ્તકો માટે અમદાવાદ, રાજકોટ, સુરત, ભાવનગર લાંબા થવું પડે. આદરણીય મહેન્દ્રભાઈ મેઘાણીએ ગુજરાતમાં ઘરે-ઘરે અત્યંત વ્યાજબી ભાવે સત્વશીલ પુસ્તકો પહોંચાડીને 'પુણ્યનો વેપારલ્ર કર્યો, પણ તેના બદલે જો વિક્રેતા ઊભા કર્યા હોત તો તેમની કામગીરી આજે પણ ચાલતી હોત !

(૪) ગુજરાતમાં લોક મેળા ભૂલતા જાય છે પણ, પુસ્તકમેળા સફળ થાય છે.

ફેંકલી કહીએ તો ગુજરાતીઓનો પુસ્તકપ્રેમ સાવ કાઢી નાખવા જેવો નથી. જો તેમના સુધી પુસ્તકો પહોંચાડાય તો તેઓ પુસ્તકો ખરીદવા અને વાંચવા તત્પર છે. સુરત મહાનગરપાલિકાનો બીજી અનેક ચીજ વસ્તુઓ સાથે યોજાતો પુસ્તકમેળો સફળ રહે છે. વાચકો કરતાં પ્રકાશકો તેની વધારે રાહ જોતા હોય છે. અમદાવાદ મહાનગરપાલિકા પણ કરોડો રૂપિયાના સાંસ્કૃતિક કાર્યક્રમો કરીને શહેરીજનોને પુસ્તકમેળા સુધી લાવવામાં સફળ થઈ છે. અન્ય નાના-મોટા પુસ્તકમેળા થતા રહે છે, પણ મૂળ વાત તો એ ચાલે જ છે કે આવા ઉપક્રમોથી ગુજરાતીઓનો પુસ્તકપ્રેમ વધે છે ? એક ગુજરાતીના ગજવામાંથી પુસ્તક માટે પૈસા કઢાવી શકાય છે? પુસ્તક ખરીદવા અને વાંચવા તેને ફસાવી-પટાવી-ફોસલાવી શકાય છે? જવાબ સહેલો નથી.

(૫) ગુજરાતી ભાષામાં આજકાલ શું વેચાય છે ?

ચોક્કસ જવાબ મેળવવા તો સર્વેક્ષણ કરવું પડે, પણ આ ક્ષણે સર્વેને રસ પડે તેવાં મોટાં મોટાં તારણો આવાં કંઈક છે: (ક) અખબારોની કોલમોમાંથી જે પુસ્તકો સર્જાય(!) છે તે ખૂબ વંચાય છે. પુસ્તક પ્રકાશિત કરવું હોય તો પહેલાં તે કોઈ છાપામાં છપાયેલું હોય તે ઈચ્છનીય ગણાય છે. આવી સ્થિતિમાં પુસ્તકના વેચાણની શક્યતા વધી જાય છે. બનીને બેઠેલા લોકપ્રિય લેખકો (વાચકોને બનાવવા) સતત લખ્યા જ કરે છે. બકરી તો કાંકરો પણ છોડે આ ઉત્સાહીઓ રોજ સવારે બાંયો ચડાવીને, આંખો કાઢીને, ગાત્રો ફૂલાવીને કોરા કાગળ પર કે પછી કોમ્પ્યુટરની સ્ક્રીન પર તૂટી પડે છે. રોજ નવા વિષયનો તેઓ શિકાર કરે છે. દુનિયામાં બનતા બધા જ વિષય પર લખાવું જ જોઈએ તેવું મનાય છે, અમારો અજ્ઞ વાચક બારેય દિશાઓમાં બનતી એકેએક ઘટનાથી સુજ્ઞ થવો જોઈએ તેવું તેઓ માને છે અને રોજ સવારે ડઝન લેખકોને જુદા જુદા વિષય પર છૂટા મૂકી દે છે. પછી ભોગ લેવાય છે વાચકનો. વાચક અવાચક ના થઈ જાય, અધમૂઓ ના થઈ જાય ત્યાં સુધી કતારલેખકો (શ્લેષ અભિપ્રેત છે) વાચકને છોડતા નથી. મારું સાલેકો.